શું આપની ટાંકી ઉભરાય છે?
શું આપની ટાંકી ખાલી થઈ જાય છે?



ઓટોમેટીક સ્વીચ લગાવો જે મોટર ને ઓટોમેટીક ચાલુ-બંધ કરે છે.

અમર ઈલેક્ટ્રોનીક કન્ટ્રોલ્સ

૫, દરીયા મહેલ એપાર્ટમેન્ટ, સુરત મહાનગરપાલિકા સામે, મુગલીસરા,સુરત.
ફોન : 2429322 મો : 9824059872



# ગુજરાતમિત્ર

તથા ગુજરાતદર્પણ સ્થાપનાઃ૧૮૬૩

સંવર્ધક તંત્રી : સ્વ. પ્રવીણકાન્ત ઉત્તમરામ રેશમવાળા
તંત્રીઃ મુદ્રક : પ્રકાશક : ભરત પ્રવીણકાન્ત રેશમવાળા

વડોદરા



JSW Colouron+ Premium Al-Zn Colour Coated Sheets | ISC | durashine | TATA SHAKTEE

ALEVATE PERFORMANCE AT ITS PEAK Aluminium Roofing Sheets

- Aluminium - Colour Coated, Corrugated Roofing Sheets
- Galvanised Plain Sheet - MS - CRC sheets
- Asian - Apollo - Tata Square Pipe & Round Pipe
- 60 & 80 Micron GI HOTDIP Pipe For Solar Roof Top
- Poly Carbonate, PVC Sheets & Roofing Accessories

STEEL TRADING COMPANY
MUGATLAL GROUP
Near Krishna Pertrolpump, Udhna Main Road, Surat.
Mobile : 7575882332, 7575053830
E-mail: info@steeltrading.in Webside: www.steeltrading.in



માલિકઃ ગુજરાતમિત્ર પ્રા.લિ. પ્રકાશન સ્થાનઃ ગુજરાત સ્ટાન્ડર્ડ પ્રેસ, ગુજરાતમિત્ર ભવન, સોની ફળિયા, સુરત-૩૯૫૦૦૩ | e-mail:mitra@gujaratmitra.in | ટે.નં.: જા.ખ. વિભાગઃ ૨૫૯૯૯૯૧, ફેક્સઃ ૨૫૯૯૯૯૦, વ્યવસ્થા, તંત્રી વિભાગઃ ૨૫૯૯૯૯૨/૩/૪

GUJARATMITRA AND GUJARATDARPAN
Regd.No. SRT-006/2024-26 ★ RNI No.1597/57

વર્ષઃ ૧૬૪ * * * સંવત ૨૦૮૨ આસો સુદ નોમ મંગળવાર ૨૦ ઓક્ટોબર, ૨૦૨૬ * * * દૈનિક : ૮૯ - અંક : ૩૦૫

પાનાં ૧૬ કિંમત ₹ ૫.૦૦


# ભારતના ઈન્ફ્રાસ્ટ્રક્ચર પ્રોજેક્ટોમાં વપરાતા મશીનો પર ચીનનાં નિકાસ નિયંત્રણો

**ટનલ** બોરિંગ મશીનોની નિકાસ પર નિયંત્રણો હતા જ, હવે તેમાં 'વોર્કિંગ એક્સકેવેટર્સ' અને 'પ્લેટો-ટાઇપ વેટ શોટક્રિટ મશીનો' અને અન્ય યંત્રો પણ ઉમેરાયા

**ભારતની** માળખાકીય સુવિધાઓના વિકાસ પર વિપરીત અસર થઇ શકે

**જે** યંત્રોની નિકાસ પર નિયંત્રણ નથી મૂકાયા તેમની નિકાસ પણ મુશ્કેલ બનાવતા નવા નિયમો

બીજિંગ, તા. ૧૯(PTI): ચાઇનાએ સોમવારે ટનલ બોરિંગ મશીન સહિતના મુખ્ય મશીનરી સાધનો પર નવા નિકાસ નિયંત્રણો જાહેર કર્યા છે, જેનાથી ભારતની માળખાકીય સુવિધાઓના વિકાસ પર વિપરીત અસર પડી શકે છે.

રાષ્ટ્રીય સુરક્ષા અને હિતોનું રક્ષણ કરવાના હેતુથી આ નિયંત્રણો લાદવામાં આવ્યા હોવાનું ચીનના વાણિજ્ય મંત્રાલયે જણાવ્યું હતું. આ નિકાસ નિયંત્રણો ૧૮ નવેમ્બરથી અમલમાં આવશે. ટનલ બોરિંગ મશીનો અને તેને સંબંધિત વસ્તુઓની નિકાસ પરના નિયંત્રણો ભારત પ્રોજેક્ટ્સને અસર કરી શકે છે, જેમાં અંડરગ્રાઉન્ડ મેટ્રો સિસ્ટમ, હાઇ-સ્પીડ રેલ લાઈન અને સરહદી વિસ્તારો સહિત વિવિધ સ્થળોએ

...અનુસંધાન પાના 11 પર

## નિયંત્રણ હેઠળ મૂકાયેલા યંત્રો અટપટી અને મુશ્કેલ કામગીરીઓ કરવામાં ખૂબ ઉપયોગી છે

'વોકિંગ એક્સકેવેટર' એ એક એવું મશીન છે જે તેના કામ કરતા જોડાણો, આઉટરીગર્સ અથવા પૈડાંની મદદથી વિષમ અને મુશ્કેલ ભૂપ્રદેશમાં ચાલવા માટે અને ખોદકામ કરવા માટે ડિઝાઇન કરવામાં આવ્યું છે. જાહેરાત અનુસાર, નવા પગલાંઓમાં ચોક્કસ ટેકનિકલ માપદંડો ધરાવતી ડ્રેજર-સંબંધિત વસ્તુઓ, જેમ કે સ્લરી પંપ, ડ્રેગહેડ્સ અને કટરહેડ્સ પરના નિકાસ નિયંત્રણોને વધુ કડક કરવામાં આવ્યા છે. શુક્રવારે, વાણિજ્ય મંત્રાલયે આર્ટિફિશિયલ ઇન્ટેલિજન્સ(AI) અને બાયોટેકનોલોજીથી લઈને ફોટોવોલ્ટેઇક સોલર પાવર સુધીના ક્ષેત્રોની ૧૪ ટેકનોલોજી પર નવા નિકાસ નિયંત્રણો મૂકવાની યોજનાનો ડ્રાફ્ટ બહાર પાડ્યો હતો. જાહેરાતમાં જણાવ્યા મુજબ, આ નિયંત્રણોમાં ટ્રેલિંગ સક્શન હોપર ડ્રેજર્સ (TSHDs) માં વપરાતા ઓછામાં ઓછા 0.55 મીટરના સક્શન પાઇપ વ્યાસ ધરાવતા ડ્રેગહેડ્સ, તેમજ કટર સક્શન ડ્રેજર્સ (CSDs) માં વપરાતા ઓછામાં ઓછા 2.1 મીટરના આઉટર કટર રિંગ વ્યાસ ધરાવતા કટરહેડ્સનો પણ સમાવેશ થાય છે. TSHDs અને CSDs એ પાણીની અંદરના કાંપને દૂર કરવા માટે વ્યાપકપણે ઉપયોગમાં લેવાતા બે સૌથી મુખ્ય દરિયાઇ વાહનો છે, પરંતુ તે સંપૂર્ણપણે અલગ પદ્ધતિઓ પર કામ કરે છે અને અલગ-અલગ વાતાવરણ/પરિસ્થિતિઓ માટે અનુકૂળ છે.

# ટાઇગર શ્રોફ પર હુમલો કરનારા 3 શંકાસ્પદોની રાજસ્થાનથી ધરપકડ

**નેપાળ** ભાગી જવાની યોજના નિષ્ફળ ગઈ

**પુણે**-જયપુર એક્સપ્રેસ ટ્રેનમાંથી ઝડપાયેલા આરોપીઓ બિશ્નોઈ ગેંગના સાગરીત અનિલ પંડિતના સંપર્કમાં હતા આરોપીઓ પહેલાં ભાગીને સુરત આવ્યા હતા, દિલ્હીથી નેપાળ ભાગી જવાની યોજના હતી

જયપુર, તા. 19 (પીટીઆઈ): બોલિવૂડ અભિનેતા ટાઇગર શ્રોફની કાર પર મુંબઈના જુહૂ વિસ્તારમાં રવિવારે સાંજે થયેલા અંધાધૂંધ ગોળીબારના કેસમાં પોલીસને મોટી સફળતા મળી છે. આ ઘટનામાં સંકળાયેલા ત્રણ શંકાસ્પદ આરોપીઓની રાજસ્થાનના કોટામાં સોમવારે પુણે-જયપુર સુપરફાસ્ટ એક્સપ્રેસ ટ્રેનમાંથી ધરપકડ કરવામાં આવી છે.

કોટાના સુપરિન્ટેન્ડેન્ટ ઓફ

...અનુસંધાન પાના 11 પર

### ફિલ્મ એસોસિએશને ચિંતા વ્યક્ત કરી

'ફેડરેશન ઓફ વેસ્ટર્ન ઇન્ડિયા સિને એમ્પ્લોઇઝ' અને 'ઓલ ઇન્ડિયા સિને વર્કર્સ એસોસિએશન' દ્વારા કલાકારોની સુરક્ષા મુદ્દે ગંભીર ચિંતા વ્યક્ત કરવામાં આવી છે. ચાલુ વર્ષના ફેબ્રુઆરી મહિનામાં ફિલ્મ સર્જક રોહિત શેટ્ટી પર થયેલા હુમલા બાદ બોલિવૂડ હસ્તી પર આ બીજો મોટો હુમલો છે. ઉલ્લેખનીય છે કે રવિવારે સાંજે ટાઇગર શ્રોફની કાર પર ગોળીબાર કરવામાં આવ્યો હતો, જેમાં અભિનેતાનો આબાદ બચાવ થયો હતો પરંતુ તેનો ડ્રાઇવર અને અન્ય એક વ્યક્તિ ઇજાગ્રસ્ત થયા હતા. તપાસમાં જાણવા મળ્યું કે ઘટનાસ્થળે 3ને બદલે 5થી 6 રાઉન્ડ ગોળીબાર કરવામાં આવ્યો હતો. આરોપીઓએ ઉપયોગમાં લીધેલી મોટરસાઇકલ અંધેરી વિસ્તારમાંથી મળી આવી છે.

### સલમાન સાથે કામ કરવા બદલ બિશ્નોઈ ગેંગે હુમલો કરાવ્યો

સોશિયલ મીડિયા પર વાયરલ થયેલી એક ઓડિયો ક્લિપમાં યુએસ સ્થિત ગેંગસ્ટર અનિલ પંડિતે દાવો કર્યો હતો કે ટાઇગર શ્રોફને સુપરસ્ટાર સલમાન ખાન સાથે કામ ન કરવાની ચેતવણી આપવામાં આવી હતી, જે તેણે અવગણી હતી. પંડિતે સલમાન ખાન પાસે બિશ્નોઈ સમાજ અને ગેંગની માફી માંગવાની માંગ કરી છે, અન્યથા તેની નજીકના લોકોને નિશાન બનાવવાની ધમકી આપી છે. (હાલમાં ટાઇગર અને સલમાને સાથે કામ કર્યું નથી, પરંતુ જેકી શ્રોફ અને સલમાન ખાન ઘનિષ્ઠ મિત્રો છે).

### શું હથિયારમાં ખામીના કારણે ટાઈગર શ્રોફનો બચાવ થયો?

અભિનેતા ટાઇગર શ્રોફની કાર પર થયેલા હુમલાની પ્રાથમિક તપાસમાં હથિયારમાં ટેક્નિકલ ખામી સર્જાઈ હોવાની આશંકા વ્યક્ત કરવામાં આવી છે. તપાસ દરમિયાન પોલીસે 7.62 એમએમ કેલિબરના પાંચ ખાલી ખોખા અને બે જીવતા કારતુસ પણ જપ્ત કર્યા છે. સીસીટીવી ફૂટેજમાં જોઈ શકાય છે કે એક હુમલાખોર ગોળીબાર કરે છે જ્યારે બીજા હુમલાખોરની ગન જામ થઈ જાય છે અને તે હથિયાર ચલાવવામાં સંઘર્ષ કરતો નજરે પડે છે. આ ખામીના કારણે જ કદાચ જીવતા કારતુસ બહાર ફેંકાયા હોઈ શકે છે.

### આરોપીઓનો ભાગી છૂટવાનો માર્ગ

બોલિવૂડ અભિનેતા ટાઇગર શ્રોફ પર થયેલા ફાયરિંગ કેસમાં મુંબઈ પોલીસે ત્રણેય આરોપીઓની ધરપકડ કરી છે. ડીસીપી રાજતિલક રોશને જણાવ્યું હતું કે હુમલા બાદ આરોપીઓએ અંધેરી વેસ્ટ પાસે મોટરસાઇકલ છોડી દીધી હતી અને લોકલ ટ્રેન દ્વારા બોરીવલી પહોંચ્યા હતા. ત્યાંથી તેઓ કેબ દ્વારા ગુજરાતના સુરત ગયા હતા અને ત્યારબાદ પુણે-જયપુર એક્સપ્રેસ ટ્રેનમાં સવાર થયા હતા. પોલીસે ટેક્નિકલ સર્વેલન્સ અને સીસીટીવી ફૂટેજના આધારે તેમનો પીછો કરીને રાજસ્થાનના કોટા રેલવે સ્ટેશનથી ઝડપી લીધા હતા. આરોપીઓની યોજના જયપુરથી બસ દ્વારા દિલ્હી થઈને નેપાળ ભાગી જવાની હતી. પોલીસની અલગ-અલગ ટીમો આ કેસમાં વધુ તપાસ ચલાવી રહી છે.



# ગોળીઓનો જવાબ ગોળીઓથી જ આપવામાં આવશેઃ નાયબ મુખ્યમંત્રી શિંદે

**ટાઈગર** શ્રોફ પર હુમલા બાદ શિંદેની કડક ચેતવણી ગેંગવોર કે સેલેબ્સને ધમકીઓ સાંખી લેવામાં નહીં આવે

મુંબઈ, તા. 19 (પીટીઆઈ): બોલિવૂડ અભિનેતા ટાઈગર શ્રોફની કાર પર થયેલા ગોળીબારની ઘટના બાદ મહારાષ્ટ્રના નાયબ મુખ્યમંત્રી એકનાથ શિંદેએ કડક શબ્દોમાં ચેતવણી આપી છે કે 'ગોળીઓનો જવાબ ગોળીઓથી જ આપવામાં આવશે.'

રવિવારે મોડી રાત્રે અભિનેતાના બાંદ્રા સ્થિત નિવાસ્થાને પહોંચીને શિંદેએ તેની તબિયતની પૂછપરછ કરી હતી અને પરિવારને સંપૂર્ણ સુરક્ષાની ખાતરી આપી હતી.

પત્રકારો સાથે વાતચીતમાં શિંદેએ જણાવ્યું હતું કે 90ના દાયકામાં જે રીતે ગેંગવોરના મૂળ ઉખેડી નાખવામાં આવ્યા હતા, તેવી જ રીતે હવે ફરીથી આ અપરાધિક નેટવર્કનો સફાયો કરવાનો સમય આવી ગયો છે. સેલેબ્સને જાણી જોઈને ડરાવવાના પ્રયાસો સાંખી નહીં લેવાય. પોલીસે સમગ્ર ઘટનાની ગંભીરતાથી તપાસ શરૂ કરી છે અને દોષિતોને ટૂંક સમયમાં જેલના સળિયા પાછળ ધકેલી દેવાશે. પોલીસ કમિશનર દેવેન ભારતીને ફિલ્મ જગતના કલાકારોની સુરક્ષા વ્યવસ્થાની સમીક્ષા કરવાના આદેશ પણ આપવામાં આવ્યા છે. જે લોકો કાયદો પોતાના હાથ લેશે તેની સામે સખત પગલાં લેવામાં આવશે. મુંબઈની શાંતિ અને નાગરિકોની સુરક્ષા સરકારની સર્વોચ્ચ પ્રાથમિકતા છે.

## દિલ્હી ડાયરી



### મિરેકલ મિસ્ટેક અને દીપેન્દર હૂડાનો રમૂજી પ્રત્યુત્તર

એક અનામ એન્ટી-એસ્ટાબ્લિશમેન્ટ (સત્તાવિરોધી) એક્સ હેન્ડલે હરિયાણાના કોંગ્રેસ સાંસદ દીપેન્દર સિંહ હૂડાને ભૂલથી ભૂતપૂર્વ વર્લ્ડ બેડમિન્ટન ચેમ્પિયન પ્રકાશ પદુકોણ સમજી લીધા, જેઓ ફિલ્મ-સ્ટાર દીપિકા પદુકોણના પિતા છે.

ગયા અઠવાડિયે એક વિરોધ પ્રદર્શન દરમિયાન હૂડા એઆઈસીસી જનરલ સેક્રેટરી અને સાથી લોકસભા સાંસદ પ્રિયંકા ગાંધી વાડ્રાને મદદ કરી રહ્યા હોય તેવો વીડિયો પોસ્ટ કરતાં એક્સ યુઝરે કહ્યું, "દિલ્હી પોલીસ સામે પ્રકાશ પદુકોણ પ્રિયંકા ગાંધીને મદદ કરવાનો પ્રયાસ કરી રહ્યા છે, જ્યારે તેમના જમાઈ અભિનેતા રણવીર સિંહ ઘરે બેસીને આરએસએસ-બીજેપીના નેતૃત્વના આદેશથી આદિત્ય ધર સાથે 'ધુરંધર-3' બનાવી રહ્યા હશે, જેમાં તેઓ દર્શાવશે કે, મુખ્ય ચૂંટણી કમિશનર જ્ઞાનેશ કુમાર સામેના વિરોધ પ્રદર્શન પાછળ પાકિસ્તાનનો હાથ છે."

આ જોઈને દરેક લોકો

...અનુસંધાન પાના 11 પર

# અમેરિકા સાથે સંબંધો બદલાવાની શક્યતા વચ્ચે ભારત સાથે જોડાણ વધારવા માગતુ ઈઝરાયલ

**અમેરિકામાં** હવે ઇઝરાયેલ વિરોધી પ્રમુખ આવી શકે, ભારત સાથે સંબંધો વધારવા પડશેઃ નેતાન્યાહુ

**ઇઝરાયેલના** વડાપ્રધાને કહ્યું કે અમેરિકાની નીતિમાં નાટકીય ફેરફાર આવી શકે, ભારત જેવા દેશો સાથે ગઠબંધન રચવું પડશે

**જો** કે ઇઝરાયેલના કેટલાક વિશ્લેષકો અને રાજકીય વિરોધીઓએ નેતાન્યાહુ પર લોકોમાં ખોટો ડર ફેલાવવાનો આક્ષેપ કર્યો

જેરૂસલેમ, તા. ૧૯: ઈઝરાયેલના વડાપ્રધાન બેન્જામિન નેતન્યાહુએ ચેતવણી આપી છે કે ભવિષ્યમાં અમેરિકાના કોઈ પ્રમુખ ઈઝરાયેલ પ્રત્યે વિરોધી અથવા પ્રતિકૂળ વલણ ધરાવતા હોઈ શકે છે. આ સાથે જ તેમણે પોતાના દેશની સ્થિતિ મજબૂત કરવા માટે ભારત અને લેટિન અમેરિકાના કેટલાક દેશો જેવા દેશો સાથે નવા જોડાણો કરવા પર ભાર મૂક્યો છે.

ઈઝરાયેલમાં ૨૭ ઓક્ટોબરે યોજાનારી ચૂંટણીના નવ દિવસ પહેલાં, રવિવારે આયોજિત એક કાર્યક્રમ દરમિયાન નેતન્યાહુએ પોતાનો સુરક્ષા સિદ્ધાંત રજૂ કરતી વખતે આ ટિપ્પણી કરી હતી. તેમની આ ટિપ્પણી અમેરિકી પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પ તરફથી મળેલા મજબૂત સમર્થનના થોડા કલાકો પહેલાં જ આવી હતી. ટ્રમ્પે ચૂંટણીના દિવસો પહેલાં નેતન્યાહુની પુનઃચૂંટાવવાની



દાવેદારીને જાહેર રૂપે સમર્થન આપ્યું હતું. નેતન્યાહુએ કહ્યું, "બે વર્ષમાં, અમેરિકામાં કોઈ પુરુષ કે મહિલા પ્રમુખ સત્તામાં આવી શકે છે જે ઈઝરાયેલ પ્રત્યે ખૂબ વિરોધી હોઈ શકે." તેમણે પ્રશ્ન કર્યો, "તમે તેની સાથે કેવી રીતે નિપટશો? અમેરિકા સાથેના સંબંધોમાં તમે કેવી રીતે કામ કરશો? અને તે સિવાય, કયા ઉકેલો જરૂરી બનશે?"

ઈઝરાયેલના વડાપ્રધાને એ વાત પર ભાર મૂક્યો હતો કે ઈઝરાયેલે ટ્રમ્પના પ્રમુખપદના બાકીના વર્ષોનો ઉપયોગ પોતાની સ્થિતિ મજબૂત કરવા માટે કરવો જોઈએ, સાથે જ અમેરિકી નીતિમાં આવનારા સંભવિત નાટકીય બદલાવ માટે

...અનુસંધાન પાના 11 પર

# યમનમાં હૂતીઓનો લશ્કરી છાવણી પર હુમલોઃ ૩૫ તાલીમી સૈનિકોનાં મોત

**શબવા** પ્રાંતમાં આવેલ અલ-આલમ લશ્કરી છાવણી પર હૂતી બળવાખોરોએ ત્રણ બેલેસ્ટિક મિસાઇલો છોડ્યા, ૨૦૦ તાલીમી સૈનિકો ઘાયલ

કેરો, તા. 19(AP): સોમવારે દક્ષિણ યમનમાં સરકારી દળોના એક લશ્કરી છાવણી પર ઈરાન-સમર્થિત હૂતી વિદ્રોહીઓએ હુમલો કર્યો હતો, જેમાં ઓછામાં ઓછા 53 સૈનિકો માર્યા ગયા હતા, તેમ શબવાનાં પ્રાંતીય સત્તાવાળાઓએ સોમવારે જણાવ્યું હતું. તાજેતરના લડાઈના મોજામાં આ સૌથીઘાતક હુમલાઓમાંનો એક છે.

શબવાની પ્રાંતીય સરકારના જણાવ્યા અનુસાર, વિદ્રોહીઓએ દક્ષિણના શબવા પ્રાંતમાં આવેલી અલ-આલમ લશ્કરી છાવણી પર ત્રણ બેલેસ્ટિક મિસાઈલ છોડ્યા હતા. આ હુમલામાં 200 નવા ભરતી થયેલા સૈનિકો ઘાયલ પણ થયા છે. ઈરાન-સમર્થિત વિદ્રોહીઓએ શબવાની આ છાવણીને નિશાન બનાવી હોવાનું સ્વીકાર્યું છે. શબવા પ્રાંતીય સરકારે એક નિવેદનમાં જણાવ્યું હતું કે મૃત્યુઆંક હજી પ્રાથમિક છે, જે વધી શકે છે. તેમાં જણાવવામાં આવ્યું છે કે આ સૈનિકો આંતરિક સુરક્ષા દળોનો ભાગ બનવા માટે તાલીમ મેળવી રહ્યા હતા.

નિવેદનમાં જણાવાયું છે કે, આ લોહિયાળ, વિશ્વાસઘાતી હુમલાએ તાલીમ અને તૈયારીના તબક્કામાં રહેલા નવા ભરતી થયેલા સૈનિકોને નિશાન બનાવ્યા છે. તેને અત્યંત ગંભીર લશ્કરી શત્રુતા વૃદ્ધિ અને શબવા પ્રાંતની સુરક્ષા અને સ્થિરતા પર ખુલ્લેઆમ આક્રમણ ગણવામાં આવે છે. તેણે યમનના પ્રમુખ, સાઉદીની આગેવાની હેઠળના ગઠબંધન અને સરકારને શબવાની ક્ષમતાઓને મજબૂત કરવા માટે હવાઈ રક્ષણ અને પ્રારંભિક ચેતવણી પ્રણાલીઓ પૂરી પાડવા વિનંતી કરી છે. તેમાં એમ પણ ઉમેરવામાં આવ્યું છે કે ઘાયલોની સંભાળ રાખવા અને જરૂર પડે ત્યારે ગંભીર રીતે ઘાયલોને વિશિષ્ટ એકમોમાં ખસેડવા માટે પ્રાંતની બે સરકારી હોસ્પિટલો અને અન્ય ખાનગી આરોગ્ય સુવિધાઓને સૂચના આપવામાં આવી છે.

# મણિપુરમાં જંગલમાં લાકડાં વણી રહેલા 3 નાગરિકોની ત્રાસવાદીઓ દ્વારા હત્યા

**સ્થાનિક** લોકોએ મુખ્યમંત્રી આવાસ બહાર મૃતદેહો મૂકીને વિરોધ પ્રદર્શન કર્યું

**ઇમ્ફાલ** પૂર્વ અને કાંગપોક્પી સરહદ પર ઘૂસણખોરો દ્વારા ગોળીબાર

**પોલીસે** ભીડને વિખેરવા ટીયર ગેસના શેલ છોડ્યા, મુખ્યમંત્રીએ ઉચ્ચસ્તરીય બેઠક બોલાવી સુરક્ષા સમીક્ષા કરી



ઈમ્ફાલ, તા. ૧૯ (પીટીઆઈ): મણિપુરમાં સોમવારે હિંસાની એક ગંભીર ઘટના સામે આવી છે, જ્યાં જંગલમાં લાકડાં વણી રહેલા લોકો પર શંકાસ્પદ ત્રાસવાદીઓ દ્વારા અચાનક ગોળીબાર કરવામાં આવતા ત્રણ વ્યક્તિઓનાં મોત નીપજ્યાં હતાં. આ ઘટના બાદ ભડકેલા સ્થાનિક લોકોએ ઉગ્ર વિરોધ પ્રદર્શન કરીને મૃતદેહોને સીધા રાજ્યની રાજધાની ઈમ્ફાલ સ્થિત બાબુપારામાં મુખ્યમંત્રીના આવાસના મુખ્ય દરવાજાની બહાર મૂકી દીધા હતા.

અધિકારીઓએ આપેલી માહિતી મુજબ, ઈમ્ફાલ પૂર્વ અને કાંગપોક્પી જિલ્લાની સરહદ પર આવેલા ખોંગબાલ સુનુરોક ઉયોક વિસ્તારમાં

...અનુસંધાન પાના 11 પર

### હવામાન

તા. ૧૯-૧૦-૨૦૨૬નું વડોદરા શહેરનું હવામાન

| વરસાદ | આજનો | મોસમનો |
|---|---|---|
| (૧૮.૦૦ કલાક સુધી) | ૦૦.૦૦ મીમી | ૬૬૨.૦૦ મીમી |

| તાપમાન | મહત્તમ | લઘુત્તમ | ભેજ |
|---|---|---|---|
| | ૩૭.૬૦ સે. | ૨૩.૪૦ સે. | ૩૪% |


